### મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં

# દાળનો જથ્થો ન પહોંચતા બાળકો પ્રોટીનયુક્ત આહારથી દૂર

મોડાસા, તા. ૧૮

સરકારી શાળાઓમાં ભણતા બાળકોને કહેવાતા અને આપવામાં આવતા પૌષ્ટિક આહારની યોજના એટલે મધ્યાહન ભોજનની યોજના રાજ્યમાં કુપોષિત બાળકોનો રેશિયો આસમાને આંબે છે. ત્યારે મધ્યાહન ભોજનમાં ચાલતી લાલીયાવાડીથી અનેક બાળકોને પૌષ્ટિક આહારથી વંચિત રહેવું પડે છે. મધ્યાહન ભોજનમાં બાળકોને પીરસવામાં આવતા ભોજનનું મેનુ પણ રાજ્યની મોટાભાગની શાળાઓમાં ફક્ત કાગળ પર અમલવારી થઈ રહી છે.



મોડાસા તાલુકાની કેટલીક શાળાઓમાં પ્રાથમિક શાળાઓના નવા સત્રને શરુ થયાને દોઢ મહિનો વીતવા છતાં ચણા, તુવેર, મગ સહીત દાળનો જથ્થો મધ્યાહન ભોજનના સંચાલકોને શાળામાં મળવો જોઈએ તે મળ્યો ન હોવાથી બાળકો પ્રોટીનયુક્ત ભોજનથી વંચિત રહેતા વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા તાલુકાની અનેક શાળાઓમાં મેનુ પ્રમાણે મધ્યાહન ભોજનનો જથ્થો સમયસર પહોંચતો ન હોવાથી બાળકો ભોજનથી વંચિત રહેવાનો વારો આવ્યો હોવાની અનેક બૂમો ભૂતકાળમાં ઉઠી હતી. ત્યારે ચાલુ વર્ષે શૈક્ષણિક સત્ર શરુ થાયે દોઢ મહિના જેટલો સમય પૂર્ણ થવા છતાં દાળનો જથ્થો ન પહોંચતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. જીલ્લા મધ્યાહન તંત્ર જીલ્લામાં મધ્યાહન ભોજન બાળકોને મળી રહે અને શાળામાં મધ્યાહન ભોજન સંચાલકોની બેદરકારી સામે નોટિસ આપવામાં આવી રહી છે. બીજબાજુ દિવાતળે અંધારું હોય તેમ કેટલીક શાળાઓમાં દાળનો જથ્થો જ ન પહોંચ્યો હોવાથી તેમની સામે કોણ કાર્યવાહી કરશે સહિતના પ્રશ્નો મધ્યાહન ભોજનના સંચાલકો અને લોકોમાં ઉદભવી રહ્યા છે.

### મોડાસા મામલતદાર કચેરીમાં આવેલ


# જનસેવા કેન્દ્ર અરજદારો માટે ખર્ચાળ કેન્દ્ર

## ફોર્મ માટે પ્રજાજનો પાસે ઝેરોક્સવાળા પાંચ રૂપિયા પડાવે છે

મોડાસા, તા. ૧૮

પારદર્શક અને સુવિધાયુક્ત વહીવટની વાતો માત્ર સરકારની જાહેરસભાઓમાં કે મોટી મોટી જાહેરાતોમાં જ જોવા મળે છે. જનતાની સુવિધા અર્થે તાલુકાઓમાં શરુ કરવામાં આવેલ જનસેવા કેન્દ્રો જ સુવિધા વિહોણા બની રહેતા જનતા ત્રસ્ત બની છે.

મોડાસા મામલતદાર કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં વિવિધ દાખલ મેળવવા આવતા અરજદારોને દાખલો મેળવવા ફોર્મ ભરવું પડે છે જે જનસેવા કેન્દ્રમાં વિનામૂલ્યે આપવામાં આવે છે પરંતુ છેલ્લા ૬ મહિનાથી જનસેવા કેન્દ્રમાં ફોર્મ ઉપલબ્ધ ન હોવાથી અરજદારોને ઝેરોક્ષની દુકાનોમાં ધકેલી દેવામાં આવતા ઝેરોક્ષ માલિકો અરજદારો અને ભોળી પ્રજા પાસેથી ફોર્મ દીઠ ૫ થી ૧૦ રૂપિયા ખંખેરી રહ્યા છે.






અરવલ્લી જીલ્લા સેવાસદનમાં આવેલ મોડાસા મામલતદાર કચેરીમાં લોકો રોજ વિવિધ જાતના દાખલા મેળવવા માટે દૂર દૂરથી આવતા ગરીબ અરજદારોને દાખલા મેળવવા ભરવું પડતા ફોર્મ માટે સેવાસદન કચેરી સામે આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં આવેલી ઝેરોક્ષની દુકાનોમાં જવું પડતું હોવાથી ૧ કિલોમીટરનો ધરમધક્કો ખાવાની સાથે શામળાજી-ગોધરા માર્ગ સતત વાહનોથી ધમધમતો હોવાથી જીવન જોખમે જનસેવા કેન્દ્રમાંથી વિના મૂલ્ય મળતું ફોર્મ ૫ થી ૧૦ રૂપિયા આપી ખરીદવું પડતું હોવાથી જનસેવા કેન્દ્ર અરજદારો માટે ખર્ચાળ કેન્દ્ર બની રહેતા અરજદારોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

દાખલા માટેનું ફોર્મ મેળવવા ધરમધક્કા ખાતા અરજદારોએ જનસેવાકેન્દ્રમાં આઉટસોર્સીંગ એજન્સી હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓની ઝેરોક્ષની દુકાનોના માલિકો સાથે સાંઠગાંઠ હોવાનો આક્ષેપ કર્યો હતો.

# કર્મભૂમિ ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૩૨ જુગારીઓ ઝડપાયા

## એલસીબી પોલીસે રેઈડ પાડી મહિલા સહિત ૩૨ જુગારીઓ અને રૂ. ૬,૬૬,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

### પકડાયેલા જુગારીઓના નામ

- દેવેન્દ્ર બરત વાળંદ ઉં.વ.-૨૫ રહે, ચાણક્યપુરી, સે-૫ ઘાટલોડીયા અમદાવાદ
- કમલકિશોર સુવારામ જાટ ઉં.વ.-૩૮ રહે. રાજસ્થાન નાગોર હાલ સિન્ધુ ભવન રોડ રાજપથ કલબની બાજુમાં અમદાવાદ
- લાલચંદ શ્રવણરામ જાટ ઉં.વ.-૨૫ રહે. રાજસ્થાન, નાગોર હાલ રહે.સિન્ધુ ભવન રોડ અમદાવાદ.
- વિજય કિર્તીભાઈ પંચાલ ઉં.વ.-૨૩ રહે. ચાંદલોડીયા વિશ્વકર્મા મંદિરની બાજુમાં અમદાવાદ,
- શંકર કોદર પ્રજાપતિ ઉં.વ.-૩૨ રહે. વસ્ત્રાપુર, રાધાકૃષ્ણ મંદિર ઔડાના મકાનમાં અમદાવાદ.
- દેવશંકર ગૌતમ પ્રજાપતિ ઉં.વ.૩૩ રહે. કૃષ્ણાધામ ઔડાના મકાનમાં અમદાવાદ
- અલ્પેશ મગન વાળંદ ઉં.વ.૩૯ રહે. વંદેમાતરમ ગોતા રોડ અમદાવાદ.
- દિનેશ ગોપાળ નાયી ઉં.વ.૪૧ રહે. શ્રીજી રેસીડન્સી ચાંદલોડીયા, અમદાવાદ
- શૈલેષ કાંતિલાલ નાયી ઉં.વ.૪૨ રહે. આંબલી બોપલ અમદાવાદ.
-સાગર જયસીંગ ભંડારી ઉં.વ.૨૪ રહે. દિલ્લી ગાંજીપુર
-હિત્વીક વિમલકુમાર સોની ઉં.વ.૨૦ રહે. સેટેલાઈટ ઝાંસીની રાણીના પુતળા સામે અમદાવાદ
-રવિ રમેશ દિવકર ઉં.વ.-૨૮ રહે. ગોવા બાંગા
- પ્રાંચલ પ્રકાશ બત્રા ઉં.વ.૨૫ રહે. મલાડ મુંબઈ
- બબેન્દ્ર પોકરામ જાટ ઉં.વ. ૨૮ રહે. નાગોર રાજસ્થાન હાલ રહે. ડીસીડી કાફે સીન્ધુ ભવન રોડ અમદાવાદ
- અમિત મહેશ કનોડીયા ઉં.વ.૩૪ રહે. બસીરબાગ હીમાયત નગર તેલગંણા,
- પ્રકાશ નારાલા ફુલચંદાની ઉં.વ.૩૪ રહે. થલતેજ અમદાવાદ
- નિલેશ નિલુભાઈ ધુરવ ઉં.વ.-૨૮ રહે. ગોવા પણજી.
- નયનિલ મુકેશ પટેલ ઉં.વ.-૨૪ રહે. સાયન્સ સીટી અમદાવાદ મુળ રહે. જંત્રાલ ગામ વિજાપુર મહેસાણા
- વસંત ઓમપ્રકાશ માલપાની ઉં.વ.-૪૫ રહે. જાનકી એપાર્ટમેન્ટ બ્લોક નં.૧૨ બોડકદેવ અમદાવાદ
- રીશી યોગેન્દ્ર પટેલ ઉં.વ.-૩૭ રહે. એ-૬૦૨ પૂર્વી ધામ મેમનગર
- અખિલ પ્રવિણ જૈન ઉં.વ.-૩૩ રહે. સાઈન મુંબઈ એસઆઈએલ કોલેજની સામે સીન્ધી કોલોની
- સહજબલી એમ એલ બલી ઉં.વ.૩૦ રહે.મુંબઈ હીરાનંદની ગાર્ડન
- સમીર વિવેકચંદ્ર પાઠક ઉં-૨૮ રહે. નિમીનાથ લકઝુરીયસ ઈન્દ્રનગર બેંગ્લોર
- બીરેન્દ્ર વિનોદ ઠગુના ઉં.૨૪ રહે. તિપસંત્રા માર્કેટ ઈન્દરાનગર બેંગ્લોર
- ભીમરાજ શિબદત ભટ્ટ ઉં.૨૯ રહે. સનસીટી સેકટર-૧ ૨૦૧ બોપલ અમદાવાદ
- પ્રભાત ગુરુ મણીકુમાર ગુરુ ઉં.૨૮ સનસીટી સે-૨ ૨૦૧ બોપલ અમદાવાદ
- કેબીન રજની શાહ ઉં. ૩૯ રહે. બોરીવલી મુંબઈ
- સંગમ વિરમ પાટીલ ઉં.૪૨ રહે. બેંગ્લોર એસ-૨૦ ઈન્દરાનગર બેંગ્લોર
- ગૌરવ મગનલાલ ગાલા ઉં. ૩૫ રહે. સી-૧૪ ખીરાનગર એસવી રોડ કાંદિવલી વેસ્ટ મુંબઈ
- નિપુણ અર્જુન ઉં.૩૫ રહે. વૈશાલી એપાર્મેન્ટ ઈન્દરા નગર બેંગ્લોર
- સંગીતાબેન દિલિપ પટેલ ઉં.૫૪ રહે.કઠવાડા અમદાવાદ
- ભાવિત ભરત પારેખ ઉં. ૨૫ રહે. એફ-૨૦૨ કુપર સ્ટોન થલતેજ અમદાવાદ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ મથક વિસ્તારમાં આવેલા અઢાણા ગામની સીમમાં સ્થિત કર્મભુમી ફાર્મ હાઉસમાં ગાંધીનગર એલસીબી પોલીસે રેઈડ પાડીને જુગાર રમતા એક મહિલા સહિત ૩૨ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે શકુનીઓ પાસેથી રોકડ રૂ. ૪,૧૬,૦૦૦ તેમજ અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ રૂ. ૬,૬૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ શરુ કરી છે. એલસીબી પોલીસે અચાનક ગતરોજ રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જયારે આટલું મોટું જુગારધામ ઝડપાતા જિલ્લા પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે સાંતેજ પોલીસ મથકના અઢાણા ગામની સીમમાં આવેલા કર્મભુમી ફાર્મ હાઉસ ભાવિક પારેખ નામનો શખ્સ બહારથી જુગારીઓ લાવી તીન પતીનો હારજીતનો જુગાર રમાડે છે. જેને પગલે તાત્કાલીક એલસીબી વુ.પો.સ.ઈ. વી.બી.વર્માને રેઈડ કરવા સુચના આપતા એલસીબી ટીમના પો.કો.રાજવીરસિંહ, કનકસિંહ, દિગ્વિજયસિંહ, વિજયસિંહ, અ.પો.કો. અનોપસિંહ, અનુપસિંહ, તેમજ સાંતેજ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એ.એ.દેસાઈને સાથે રાખીને કર્મભુમી ફાર્મ હાઉસ ખાતે ગતરોજ રેઈડ પાડી હતી. પોલીસની રેઈડ પડતા જ જુગારીઓમાં હોહા મચી જવા પામી હતી. પોલીસે મહિલા સહિત ૩૨ જુગારીઓને પકડી પાડ્યા હતા. જયારે જુગારીઓ પાસેથી રોકડ રૂ. ૪,૧૬,૦૦૦ અને અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ રૂ.૬,૬૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે જુગારધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ભાજપમાં જોડાતા પહેલા બાયડની મુલાકાતે

બાયડ, તા. ૧૮

બાયડ-માલપુરના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ભાજપમાં કેસરિયો ધારણ કરે તેના થોડાક કલાકો પહેલા રાજકારણમાં જયાંથી પગલું ભર્યું હતું તેવા બોરમઠ ગામની મુલાકાત લીધી હતી અને જીતપુર ગામે મહાકાળી માતાજીના દર્શન કરી બાયડ પહોંચતા બાયડ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોએ ઢોલ-નાગર સાથે કુમકુમ તિલક કરી ફુલહાર પહેરાવી આવકાર આપ્યો હતો. બાયડ થોડો સમય રોકાણ કરી માતા-પિતાના આશીર્વાદ લઈ ગાંધીનગર કમલમ ખાતે જવા રવાના થયા હતા.

બાયડ-માલપુરના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાના જણાવ્યા અનુસાર કોંગ્રેસ છોડવા અને ભાજપમાં જોડાવવાને લઈને જણાવ્યું હતું કે અમારી વિચારધારા ભાજપ સાથે મળતી આવે છે. કોંગ્રેસ પક્ષમાં નેતાઓ મહાન થઈ જાય છે માટે જ અમે કોંગ્રેસ છોડવાનો નિર્ણય લેવા મજબુર બન્યા હોવાનું જણાવી પ્રદેશ કોંગ્રેસ પક્ષની કામગીરી અંગે ચાબખા ઝીંકી વધુમાં જણાવ્યું હતું કે, ગ્રુપીઝમના કારણે કોંગ્રેસમાં સ્થાનિકોને અન્યાય કરવામાં આવે છે.



પ્રજા સાથે અન્યાય થતા અમારે કોંગ્રેસ છોડવી પડી. સાથે જ તેમણે ધડાકો કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના ૧૮થી વધુ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાનું રટણ કર્યું હતું.

ધવલસિંહ ઝાલાના પિતા અને કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાયેલા બાયડના પૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર સિંહે ઝાલાએ પણ ભાજપ પર હેત વરસાવ્યું હતું અને જણાવ્યું હતું કે સમગ્ર દેશની જનતાએ ભાજપ પર ભરોસો મૂક્યો છે. ભાજપમાં જનતાનું હિત દેખાય છે.

### હોન્ડા ટુવ્હીલર્સ ઈન્ડિયાએ યુવતીઓને તેમનું સ્વપ્ન સાકાર કરવા માટે પાંખો આપી

યુવાન મહિલાઓને કમર્શિયલ પાયલોટ બનવાનાં સ્વપ્નોને પાંખો આપવા હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે આજે મહિલા સશક્તિકરણ માટે હોન્ડાની વિશિટ પહેલ-સપનો કી ઉડાન નામનાં પ્રોજેક્ટની જાહેરાત કરી હતી.

હોન્ડા દઢપણે માને છે કે, મહિલાઓનું સશક્તિકરણ એટલે દેશનું સશક્તિકરણ અને આ વિચારસરણી સાથે હોન્ડાએ કમર્શિયલ પાયલોટની બનવા ઈચ્છતી યુવાન મહિલાઓનાં સ્વપ્નને સાકાર કરવા માટે મદદ કરવાનો નિર્ધાર કર્યો છે. યુવાન મહિલાઓની કમર્શિયલ પાયલોટ બનવાની સફર હોન્ડા સાથે શરૂ થશે.

હોન્ડાની સૌથી મોટી આ સીએસઆર પહેલની જાહેરાત કરતાં હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના જનરલ એન્ડ કોર્પોરેટ અફેર્સનાં ડાયરેક્ટર હરભજન સિંઘે કહ્યું હતું કે, “એક જવાબદાર કોર્પોરેટ નાગરિક તરીકે હોન્ડા ટુવ્હીલર્સ આપણાં સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે હંમેશા કટિબદ્ધ છે. હોન્ડા ટુ વ્હિલર્સ ઈન્ડિયા માટે ગુજરાત વિશેષ સ્થાન ધરાવે છે, કારણ કે અહીં અમે વૃદ્ધિ અને વિકાસની લાંબી મજલ સંયુક્તપણે સર કરી છે. અમારી પ્રતિબદ્ધતામાં વધુ એક પગલું લઈને અમને મહિલા સશક્તિકરણ પર હોન્ડાની વિશિષ્ટ સીએસઆર પહેલ સપનો કી ઉડાન પ્રોજેક્ટની જાહેરાત કરીને ખુશી થાય છે. ઘણી પ્રતિભાશાળી યુવાન મહિલાઓ નબળી આર્થિક સ્થિતિને કારણે તેમનું સ્વપ્ન સાકાર કરી શકતી નથી. આ વિશિષ્ટ પહેલ અંતર્ગત હોન્ડા કમર્શિયલ પાયલોટ બનવા લાયકાત ધરાવતી ૨૦ મહિલાઓને ૧૦૦ ટકા શિષ્યાવૃત્તિ આપશે. અમે માનીએ છીએ કે, આ યુવાન મહિલાઓને અતિ સન્માનજનક વ્યવસાય મળશે અને એ ઉપરાંત લાખો યુવતીઓને તેમનું સ્વપ્ન સાકાર કરવા પ્રેરિત કરશે.”

ભારતમાં મહિલા કમર્શિયલ પાયલોટની ટકાવારી આશરે ૧૨ ટકા છે. યુવતીઓને આ અત્યંત સન્માનજનક વ્યવસાયોમાં પ્રવેશ કરવા પ્રોત્સાહન આપતાં હોન્ડાએ એના સૌથી મોટા સીએસઆર પ્રોજેક્ટ સપનો કી ઉડાનની જાહેરાત કરી છે. હોન્ડાએ ગુજરાત, હરિયાણા, રાજસ્થાન અને કર્ણાટકમાંથી આ પહેલમાં અરજી કરવા તમામ યુવતીઓને જણાવ્યું છે. હોન્ડા કમર્શિયલ પાયલોટ બનવાનું સ્વપ્ન સાકાર કરવા ૨૦ યુવતીઓને ૧૦૦ ટકા શિષ્યાવૃત્તિ આપશે.

### સાબરકાંઠાની તમામ શાળાઓમાં ૧૫મી ઓગષ્ટે વૃક્ષારોપણ કરવાનો નિર્ધાર

હિંમતનગર, તા. ૧૮

આગામી તા. ૧૫ ઓગષ્ટના રોજ સાબરકાંઠા જિલ્લાની તમામ ખાનગી અને સરકારી શાળાઓમાં ભણતા બાળકો વૃક્ષારોપણ માટે રસ અને રૂચી કેળવે તે આશયથી વન મહોત્સવની ઉજવણી કરવાનું આયોજન કરાયુ છે. જેના માટે વન વિભાગ દ્વારા જિલ્લાની નર્સરીઓમાંથી વિના મૂલ્યે રોપાઓનું વિતરણ કરાશે.

તા. ૧૫મી ઓગષ્ટને સ્વાતંત્ર દિન નિમિત્તે દરેક જિલ્લામાં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતા બાળકો પાસે એક વૃક્ષ એક બાળના સૂત્રનો સાર્થક કરવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તમામ જિલ્લાઓના શિક્ષણાધિકારીઓને પરિપત્ર પાઠવીને વૃક્ષારોપણના કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજન કરવાના આદેશ કરાયા છે. રાજ્ય સરકાર દ્વારા એક જ દિવસે રાજ્યમાં એક કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રખાયો છે ત્યારે તેના માટે શાળાના શિક્ષકો અને શૈક્ષણિક સ્ટાફને કાર્યક્રમને સફળ બનાવા તાકીદ કરાઈ છે.

### જલોતરા પ્રાથમિક શાળામાં વાલી સંમેલન યોજાયુ

વડગામ તાલુકાના જલોતરા ગામમાં આવેલ અનુપમ પ્રાથમિક શાળામાં તા ૧૮ જુલાઈના રોજ વાલી સંમેલન યોજવામાં આવ્યુ. જેમાં અતીથી વિશેષ તરીકે પ્રખર વક્તા ગજાનંદભાઈ જોષી ઉપસ્થિત રહી વાલીઓને સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ તથા એસએમસીના અધ્યક્ષ શિક્ષણવિદ, એસએમસી સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર શાળા પરિવારે વિશેષ જહેમત ઉઠાવી હતી.

### ગટર લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાયુ નથી. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા તેમજ પાણીની નવિન ટાંકી તૈયાર કરવાનુ કામ પણ દોઢ દાયકા પુર્વે હાથ ધરાયુ હતુ. સેકટરની વસતી અને વિકાસને ધ્યાને લઈ સ્માર્ટ સીટીને અનુરૂપ પાણી ગટરની વ્યવસ્થા ઉભી કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો રોજબરોજ ઉઠતી રહે છે. સેકટરોમાં છાશવારે ગટરના દુષિત પાણીનો ભરાવો થતો હોવાની ફરિયાદોના લીધે સ્થાનિક નાગરિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. જયારે આ ફરિયાદોને નિવારવા માટે તંત્ર પાસે પુરતો મેનપાવર તેમજ મશીનરી પણ નથી. જેના લીધે ગટરની ફરિયાદો આમ નાગરિકો માટે શિરદર્દનુ કારણ બની છે દાયકાઓ જુની લાઈનના લીધે સેકટરોમાં લાઈન તુટવા ઉપરાંત મુખ્ય ચેમ્બરોમાં ભંગાણ થવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવે છે. સેકટરોમાં ઘર આંગણે ગટર લાઈનના દુષિત પાણીના ભરાવાના લીધે ગંદકી સહીત રોગચાળાની દહેશતથી પણ સ્થાનિકો પરેશાન છે. આવા સંજોગોમાં સ્માર્ટ સીટી અન્વયે ગાંધીનગરમાં મુખ્ય ગટર લાઈનને નવી નાંખવા માટે નવતર આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ માટે કોર્પોરેશન તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ ગટર લાઈનનો અભ્યાસ હાથ ધરી સર્વેના અંતે રીપોર્ટ તૈયાર કરવા ગતિવિધિઓ શરૂ કરી દીધી છે. આ રીપોર્ટના અંતે શહેરના તમામ મુખ્ય ગટર લાઈન બદલવા માટે નવતર આયોજન કરાશે. આ રીપોર્ટ તૈયાર કરી તંત્રના અધિકારીઓ દ્વારા દિલ્હી મોકલી દેવાશે. જયારે નવી લાઈન નાંખવાનુ કામ મંજુર થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. ગટર લાઈનનુ આ કામ ખર્ચાળ હોવાથી સ્માર્ટ સીટી હેઠળ આ પ્રોજેકટને આવરી લેવાશે. ભાવિ સમયમાં શહેરમાં ગટર લાઈન નવી નાંખવા સહીત શહેરના વિકાસ , વસતી અને જરૂરીયાતને ધ્યાને લઈ આયોજન આખરી કરાશે.

### મોરારિ બાપુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરોપકાર સ્વભાવ છે તેવી જ રીતે પ્રસન્ન રહેવા માટે વ્યકિતએ દરેક વસ્તુ અને સ્થિતિને સાક્ષી ભાવે જોવી જોઈએ.

જયારે પ્રસન્નતાની પાંચમી અને અંતિમ ચાવી સ્વરૂપે બાપુએ હરિનામને મુકી છે. જે વ્યકિત જે ધર્મ કે ભગવાનને માનતો હોય તેને પોતાના પરમેશ્વરનુ નામ સતત લેવુ જોઈએ જેનાથી પણ પ્રસન્નતા મળતી હોય છે. એટલે જ તો શિખરસ્ત મહાપુરુષ કયારેય હરિનામ ભજવાનુ મુકતા નથી.

પ્રસન્નનતા સાથે સંકળાયેલા પરિબળો અંગે વાત કરતા પુ મોરારી બાપુએ વધુમાં ઉમેર્યુ હતુ કે ગમતાનુ કોઈ કારણ ન હોય .. કારણ એ હોય તે ગમતુ ન હોય .. તેમણે જણાંવ્યુ હતુ કે જે માણસ અંતરથી પ્રસન્ન ન હોય તે બીજાને કયારેય પ્રસન્ન ન કરી શકે .. ઉપગ્રહ ,પુર્વગ્રહ હોય તેને ગ્રહણ લાગે.. અનુગ્રહ હોય એને કાંઈ ન નડે...ગાંધીનગર ગ્રીન છે.. તેવા હરિયાળા રહીએ.. તેમણે અખંડ પ્રસન્નતા પથ તરફ પ્રકાશ પાથરતા જણાંવ્યુ હતુ કે કોઈ આપણી નિંદા ટીકા કરે ત્યારે હસતા હસતા એવુ અર્થઘટન કરવુ જોઈએ કે તે નિંદા કરતો હોય ત્યારે તે નિંદા નથી કરતો તે પોતાના કુળનુ સરનામુ આપે છે. કલ્ચરલ ફોરમ આયોજિત પ્રસન્નતાના રજત જયંતિ વર્ષની ઉજવણી દરમિયાન આજે મોરારી બાપુએ સૌને હળવાફુલ કરી દીધા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ તબક્કે જણાંવ્યુ હતુ કે સમાજ જીવનમાંથી કડવાશ,દ્વેષ ન ઉદભવે નહીં તે અનિવાર્ય છે. સંસ્થાએ પ્રસન્નતાના આ પર્વની ઉજવણી થકી પાટનગરને પ્રસન્ન બનાવવુ છે. નગરજનો પ્રસન્ન માનસ જંખે છે. મોરારી બાપુની શબરીભાવે રાહ જોતા હતા ત્યારે પ્રસન્નતાના પર્વની આ ઉજવણી તેમની ઉપસ્થિતિથી પ્રસન્નતાનો પ્રવાહ સતત વહેતો રહેશે... આ અર્કવ્યાખ્યાન માળાના કાર્યક્રમમાં જિલ્લા કલેકટર એસ કે લાંગા, મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, અધિક મુખ્ય સચિવ (આરોગ્ય વિભાગ) શ્રી પુનમચંદ પરમાર ઉપરાંત ગાંધીનગર સાહિત્ય જગતના દોલત ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, ભાગ્યેશ જહા, વી એસ ગઢવી, ભરત કવિ, મહેન્દ્ર ત્રિવેદી, અરૂણ બુચ, એન. પી. પટેલ, વાગ્મિન બુચ, સહિત નગરના અગ્રણીઓ અને સહીત મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઈલેક્ટ્રીક બસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યના ગ્રામ્ય વિસ્તારો ખુલ્લામાં શૌચમુક્ત જાહેર કરાયા છે. તમામ જિલ્લામાં ૨૭૯૪ કરોડના ખર્ચે ૩૩ લાખથી વધુ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યુ છે. ૧૨૩૯ ગામોની ગ્રામ પંચાયતમાં સામૂહિક શૌચાલયો મંજૂર કરાયા છે. ગ્રામીણ વિસ્તારમાં પણ કચરાના નિકાલ માટે ડોર ટુ ડોર કચરાના કલેકશનની પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### કોકડુ ગુંચવાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્પીકરને વિશ્વાસમત ઉપર ચર્ચા જારી રાખીને પ્રક્રિયાને પૂર્ણ કરે. ત્યારબાદ રાજ્યપાલે સ્પીકરને પત્ર લખીને ગુરુવારના દિવસે જ વિશ્વાસમત પરીક્ષણ કરવા પર વિચારણા કરવા કહ્યું હતું. ભાજપના પ્રદેશ અધ્યક્ષ યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, રાત્રે ભલે બાર વાગ્યા સુધી કાર્યવાહી ચાલે પરંતુ વિશ્વાસમતની કામગીરી આજે જ હાથ ધરવી જોઈએ. સ્પીકર રમેશકુમારે વિશ્વાસમત પરીક્ષણ કરાવ્યા વગર જ શુક્રવાર સુધી કાર્યવાહીને મોકૂફ કરી દીધી હતી. સ્પીકરના આ નિર્ણય સામે ભાજપના ધારાસભ્યોએ ધરણા પ્રદર્શન કરવાની જાહેરાત કરી હતી.

### ચંદ્રયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાધનોથી સજ્જ છે. ૬૦૩ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ આમા કરવામાં આવ્યો છે. રવિવારે વહેલી પરોઢે ૨.૫૧ વાગે એન્જિનમાં લીકેજના કારણે ચન્દ્રયાન-૨ની ઉડાણને રોકવાની ફરજ પડી હતી. ચન્દ્રયાન-૨ને સોમવારના દિવસે વહેલી પરોઢે લોંચ કરવાની યોજના તૈયાર હતી. જો કે છેલ્લી ઘડીએ ટેકનિકલ ખામી સર્જાતા આ લોંચને રોકી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### અયોધ્યા કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખતમ કરવાની માંગ કરતી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. અયોધ્યા મામલામાં હિન્દુ પક્ષકાર ગોપાલ સિંહ વિશારદે અરજી દાખલ કરીને દલીલ કરી હતી કે મધ્યસ્થતાને લઈને કરવામાં આવેલા પ્રયાસોથી કોઈ ખાસ પ્રગતિ થઈ નથી. જેથી આ પ્રક્રિયાને રોકીને કોર્ટ મામલાની વહેલી તકે સુનાવણી કરે તે જરૂરી છે. સીજેઆઈ રંજન ગોગાના નેતૃત્વમાં બંધારણીય બેંચે મધ્યસ્થતા પેનલને વચગાળાનો રિપોર્ટ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે મધ્યસ્થતાની પ્રક્રિયાને ખતમ કરવામાં આવશે નહીં.મધ્યસ્થતા પેનલને ભંગ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે અમે મધ્યસ્થતા પેનલની રચના કરી ચુક્યા છીએ. અમને રિપોર્ટનો ઈન્તજાર રહેશે.